(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી કયા પાઠમાં આવે છે? (૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. પાટ | ફલગ | બારમા વ્રતમાં |
| ૨. અદ્વિતીય | કેવલિયં | પાંચમા શ્રમણસૂત્રમાં |
| ૩. ક્ષય રહિત | મક્ખય | સામાયિકના સાતમા પાઠમાં |
| ૪. આપના ચરણોને | અહોકાયં | પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં |
| ૫. એક જોગે | એગવિહેણં | ચોથા અણુવ્રતમાં |

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. રાઈય પ્રતિક્રમણ ક્યારે કરાય? તે કેટલા હોય? પ્રતિક્રમણનું બીજું નામ શું છે?

**જ. રાત્રિ દરમ્યાન લાગેલા પાપોની આલોચના કરવા માટે રાત્રિના અંતિમ ભાગમાં સૂર્યોદય પહેલા બે ઘડીની અંદર કરાય છે. ૩૬૦ હોય. આવશ્યક સૂત્ર.**

૨. પૌષધ એટલે શું? પૌષધ કેટલા પ્રહરનો હોય છે? તે કેટલી કોટિથી ગ્રહણ કરવામાં આવે છે?

**જ. જ્ઞાન, દર્શન, ચારિત્ર વડે આત્માને પોષણ આપવું તે. સંપૂર્ણ પૌષધ આઠ પ્રહરનો થાય છે. માત્ર રાત્રિ પૌષધ ગ્રહણ કરવો હોય તો, ચાર પ્રહરનો રાત્રિપૌષધ ગ્રહણ કરી શકાય છે. તે ૬/૮ કોટિથી ગ્રહણ કરાય છે.**

૩. શબલા દોષ એટલે શું? તે કેટલા છે? પહેલા ચાર મદના નામ લખો.

**જ. શબલા દોષ એટલે જે કાર્ય કરવાથી ચારિત્રની નિર્મળતા નષ્ટ થઈ જાય તે. તે ૨૧ છે. જાતિ મદ, કુળ મદ, બળ મદ,રૂપ મદ.**

૪. ગણધર કોને કહે છે? તેમને જ્ઞાન કેટલું? ભગવાન મહાવીરના કેટલા ગણધર હતા?

**જ. તીર્થંકરના મુખ્ય દ્વાદશાંગી રચનારા શિષ્યોને ગણધર કહે છે. ગણ એટલે સમૂહ અને ધર એટલે ધારક. ઘણા શિષ્ય સમૂહના ધારકને ગણધર કહેવાય છે. તેમને ૧૪ પૂર્વનું જ્ઞાન હોય છે. ૧૧ ગણધર હતા.**

૫. પરસ્ત્રીગમનનો કયા પાપમાં સમાવેશ થાય છે? તેનાથી શું નુકશાન થાય છે?

**જ. મૈથુનના પાપમાં સમાવેશ થાય છે. તેનાથી શ્રાવકત્વ લાજે, જૈનત્વ નિંદાય, પોતાના પારિવારિક સંબંધો બગડે, પરસ્પર અવિશ્વાસ વધે, છૂટાછેડાના પ્રસંગો બને, આ ભવ બગડે, સંતાનોના ભવિષ્ય બગડે.**

(૭૦)

**પ્ર.૨ (અ) દશવૈકાલિક તથા ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો. (૪૦)**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૨૦)**

૧. માણુસત્તમ્મિ ...... રયં **પાના નં. ૧૮૨ ગાથા – ૧૧**

૨. જયા જીવમ ...... જાણઈ **પાના નં. ૧૯૦ ગાથા – ૧૪**

૩. જયા મુણ્ડે ...... અણુત્તરં **પાના નં. ૧૯૧ ગાથા – ૧૯**

૪. એવમાવટ્ટ ....... ખવિત્તા **પાના નં. ૧૮૦ ગાથા – ૫**

૫. પચ્છા વિ ....... બંભચેરં ચ **પાના નં. ૧૯૪ ગાથા – ૨૮**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૪)**

૧. જીવ શૈલેષી અવસ્થાને ક્યારે પ્રાપ્ત કરે છે?

**જ. જ્યારે આત્મા રાગ–દ્વેષના વિજેતા જિનેશ્વર કેવળજ્ઞાની બની લોકાલોકના સ્વરૂપને જાણે છે ત્યારે મન, વચન, કાયાના યોગોનું નિરૂંધન કરી અકંપ એવી શૈલેષી અવસ્થાને પ્રાપ્ત કરે છે.**

૨. કોની વિરાધના કરવાની નથી? કોણ વિરાધના કરતા નથી?

**જ. છકાયના જીવોની મન, વચન, કાયાથી વિરાધના કરવાની નથી. સદા યત્નાપૂર્વક પ્રવ્રત્તિ કરવાવાળા,**

**સમ્યક્દષ્ટિ જીવો જેણે દુર્લભ સાધુપણાને પ્રાપ્ત કર્યું છે તેવા જીવો વિરાધના કરતા નથી.**

૩. શેનાથી પાપકર્મનો બંધ થાય છે?

**જ. અયત્નાપૂર્વક ચાલવાથી, અયત્નાપૂર્વક ઊભા રહેવાથી, અયત્નાપૂર્વક બેસવાથી, અયત્નાપૂર્વક સૂવાથી, અયત્નાપૂર્વક આહાર વાપરવાથી, અયત્નાપૂર્વક બોલવાથી પાપકર્મનો બંધ થાય છે.**

૪. કયા ધર્મને અંગીકાર કરવાનો છે? મનુષ્યત્વ કેવી રીતે પ્રાપ્ત થાય છે?

**જ. તપ, ક્ષમા અને અહિંસારૂપ દયાધર્મને અંગીકાર કરવાનો છે. અનેક ભવમાં પરિભ્રમણ કરતા અનુક્રમે અશુભ કર્મ ક્ષય કરી, કર્મક્ષયરૂપ શુદ્ધિને પ્રાપ્ત જીવ ક્યારેક શુભ કર્મના ઉદયથી મનુષ્યત્વને પ્રાપ્ત કરે છે.**

૫. કોની શુદ્ધિ થાય છે? કોનામાં ધર્મનો વાસ થાય છે? જીવે શા માટે વિવિધ ગોત્ર પ્રાપ્ત કર્યા છે?

**જ. સરળ પ્રકૃતિવાળા વ્યક્તિની જ શુદ્ધિ થાય છે. શુદ્ધિ પ્રાપ્ત સરળ આત્મામાં જ ધર્મનો વાસ થાય છે. જીવે અનેક પ્રકારના પાપકર્મ કરી વિવિધ ગોત્રવાળી અનેક જાતિને પ્રાપ્ત કરી છે અને જીવ સમસ્ત વિશ્વને જન્મ મરણ કરી સ્પર્શી લે છે.**

૬. વૈમાનિક દેવલોકમાં કોણ જાય છે? ત્યાં કેટલો સમય રહે છે?

**જ. અનેક પ્રકારના ઉત્તમ વ્રત અનુષ્ઠાનોને આરાધવાવાળો જીવાત્મા અહીંનું આયુષ્ય પૂરું કરીને વૈમાનિક દેવલોકમાં જાય છે. ત્યાં સેંકડો પૂર્વ (અસંખ્યાતા) વર્ષો સુધી રહે છે.**

૭. સિદ્ધિ મોક્ષને પ્રાપ્ત કરે છે તેની માત્ર ગાથા લખો. ભાવાર્થ કે શબ્દાર્થ નહિ.

**જ. ચઉરંગં દુલ્લહં નચ્ચા, સંજમં પડિવજ્જિયા । તવસા ધુય કમ્મંસે, સિદ્ધે હવઈ સાસએ ॥**

**(૩) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

| | જવાબ | | જવાબ | | જવાબ |
|---|---|---|---|---|---|
| ૧. કાહી | **કરે** | ૨. અપ્પડિરૂવે | **અનુપમ** | ૩. કમ્મંસે | **સર્વ કર્મનો** |
| ૪. આણુપુવ્વી | **અનુક્રમે** | ૫. જિણંતસ્સ | **જીતનાર** | ૬. સિત્તિ | **સિંચેલા** |

**(૪) નીચેના શબ્દોનું માગધી લખો. (૩)**

| | જવાબ | | જવાબ | | જવાબ |
|---|---|---|---|---|---|
| ૧. આવીને | **આયાઓ** | ૨. પામે છે | **બુજ્જિયા** | ૩. પામે | **પક્કમઈ** |

**(આ) ૯૮ બોલ અલ્પબહુત્વના આધારે જવાબ લખો. (૩૦)**

**(૧) માત્ર અલ્પબહુત્વ લખો. (૧૨)**

૧. અભવ્ય જીવ, મનુષ્ય, સમુચ્ચય બાદર જીવ, પંકપ્રભાના નારકી, બેઈન્દ્રિય અપર્યાપ્ત, જળચર.

**જ. સર્વથી થોડા મનુષ્ય, તેથી પંકપ્રભાના નારકી અસંખ્યાતગુણા, તેથી બેઈન્દ્રિય અપર્યાપ્ત અસંખ્યાતગુણા, તેથી જળચર અસંખ્યાતગુણા, તેથી અભવ્ય જીવ અનંતગુણા, તેથી સમુચ્ચય બાદર જીવ અનંતગુણા.**

૨. પાંચમા દેવલોકના દેવ, દશમા દેવલોકના દેવ, પહેલા દેવલોકની દેવી, અપરાજિતના દેવ, વાણવ્યંતરના જીવ, બુધના તારાના દેવ.

**જ. સર્વથી થોડા અપરાજિતના દેવ, તેથી દશમા દેવલોકના દેવ સંખ્યાતગુણ, તેથી પાંચમા દેવલોકના દેવ સંખ્યાતગુણ, તેથી પહેલા દેવલોકની દેવી અસં.ગુણી, તેથી વાણવ્યંતરના જીવ અસં.ગુણા, તેથી બુધના તારાના દેવ સં.ગુણ.**

૩. બાદર અપ્કાયના અપર્યાપ્ત, બાદર નિગોદના અપર્યાપ્ત, સૂક્ષ્મ નિગોદના અપર્યાપ્ત, સૂક્ષ્મ વનસ્પતિના પર્યાપ્ત, બાદર વાઉકાય પર્યાપ્ત, સમુચ્ચય સૂક્ષ્મ જીવ.

**જ. સર્વથી થોડા બાદર વાઉકાયના પર્યાપ્ત, તેથી બાદર નિગોદના અપર્યાપ્ત અસંખ્યાતગુણા, તેથી બાદર અપ્ના અપર્યાપ્ત અસં.ગુણ, તેથી સૂક્ષ્મ નિગોદના અપર્યાપ્ત અસંખ્યાતગુણા, તેથી સૂક્ષ્મ વનસ્પતિના પર્યાપ્ત અનંતગુણા, તેથી સમુચ્ચય સૂક્ષ્મ જીવ વિશેષાધિક.**

૪. ચૌરેન્દ્રિય પર્યાપ્ત, સકષાયી જીવ, છદ્મસ્થ જીવ, ઘમાના નારકી, સ્થળચરની સ્ત્રી, સર્વ જીવ.

**જ. સર્વથી ઘમાના નારકી, તેથી સ્થળચરની સ્ત્રી અસંખ્યાતગુણી, તેથી ચૌરેન્દ્રિય પર્યાપ્ત સંખ્યાતગુણ,**

**તેથી સકષાયી જીવ અનંતગુણા, તેથી છદ્મસ્થ જીવ વિશેષાધિક, તેથી સર્વ જીવ વિશેષાધિક.**

**(૨) નીચેના બોલનો બાસઠિયો માત્ર સંખ્યામાં લખો. (કોઠો બનાવીને)** **(૧૦)**

**જ.**

| બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|
| ૧. પરમાધામી દેવ | ૩ | ૧ | ૧૧ | ૬ | ૪ |
| ૨. સયોગી જીવ | ૧૪ | ૧૩ | ૧૫ | ૧૨ | |
| ૩. પાણી પીતા શંખ | ૧ | ૧ | ૨ | ૩ | ૩ |
| ૪. સમુચ્ચય વનસ્પતિ | ૪ | ૧ | ૩ | ૩ | ૪ |
| ૫. શિલાના નારકી | ૨ | ૪ | ૧૧ | ૯ | ૨ |
| ૬. જળચર પુરુષ | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૭. અવિરતિ જીવ | ૧૪ | ૪ | ૧૩ | ૯ | ૬ |
| ૮. સૂક્ષ્મ વાઉકાય અપર્યાપ્તા | ૧ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૯. બાદર પૃથ્વીકાય પર્યાપ્તા | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૧૦. મનુષ્ય | ૨ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૮)**

૧. બાદર નિગોદ વધારે કે સિદ્ધના જીવો? શા માટે?

**જ. બાદર નિગોદ વધારે. એક બાદર નિગોદવર્તી જીવોની સંખ્યા પણ સિદ્ધથી અનંતગુણ હોય છે. અહીં અસંખ્ય બાદર નિગોદના અનંત જીવોને લેવામાં આવ્યા છે.**

૨. ખેચર પુરુષ તિર્યંચ યોનિના જીવો કેટલા છે?

**જ. પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાત શ્રેણીના આકાશ પ્રદેશ જેટલા છે.**

૩. પહેલા દેવલોકની દેવી કરતા ભવનપતિ દેવ શા માટે અસંખ્યાતગુણા?

**જ. ભવનપતિમાં અસંખ્યાતા અસંજ્ઞી તિર્યંચ પણ આવીને ઉપજે છે તેમ જ ભવનપતિનું ક્ષેત્ર તથા ભવનની સંખ્યા પણ વધારે છે.**

૪. કયા જીવો બાદ કરતા નિગોદના જીવોની સંખ્યા મળે છે?

**જ. સર્વ જીવોમાંથી ચાર સૂક્ષ્મ, ચાર બાદર, પ્રત્યેક વનસ્પતિ, ત્રસ જીવોને બાદ કરતા સંખ્યા મળે છે.**

૫. જીવના છ ભેદ લાભે તેવા બોલ લખો.

**જ. બાદર જીવ પર્યાપ્તા, બાદર જીવ અપર્યાપ્તા.**

૬. મનુષ્યાણીમાં કેટલા અને કયા કયા યોગ હોય?

**જ. ૧૩, આહારકના બે વર્જીને.**

૭. ૧૦ ઉપયોગ ક્યાં લાભે?

**જ. પંચેન્દ્રિય પર્યાપ્તા, સકષાયી જીવ, છદ્મસ્થ જીવ.**

૮. પાંચમા અનુત્તર વિમાનમાં કેટલા જીવો છે? શા માટે?

**જ. સંખ્યાતા જીવો કારણ કે પાંચમું અનુત્તર વિમાન ૧ લાખ યોજનનું એટલે સંખ્યાતા યોજનનું વિસ્તારવાળું હોવાથી સંખ્યાતા જીવો છે.**

(૧૫)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. હરિકેશી મુનિએ આહાર–પાણી ગ્રહણ કર્યા ત્યારે શું થયું? દેવો કોની સેવામાં હાજર છે? (૩)

**જ. હરિકેશી મુનિએ આહાર–પાણી ગ્રહણ કર્યા ત્યારે યજ્ઞશાળામાં દેવોએ સુગંધિત જળ, પુષ્પો તેમ જ દિવ્ય ધનનો વરસાદ કર્યો અને દુંદુભિઓ વગાડી. આકાશમાં અહોદાન ! અહોદાન ! શ્રેષ્ઠ દાન ! શ્રેષ્ઠ દાન ! એમ દિવ્ય ધ્વનિ થયો. આમ તપની મહત્તા પ્રત્યક્ષ દેખાય છે તેમાં જાતિની કોઈ વિશેષતા નથી. જેમની**

**આવી ઋદ્ધિ અને પ્રભાવ છે તેવા ચાંડાળ કુળના મહાતપસ્વી મુનિની સેવામાં દેવો હાજર રહે છે.**

૨. ભદ્રાને સાજી કરવા યક્ષે શું કહ્યું? (૨×૬)

**જ. રાજકુમારીએ તપસ્વી મુનિનું ઘોર અપમાન કરેલ છે, તેનું ફળ ચખાડવા મેં આ કન્યાને પાગલ કરી દીધી છે. તેના અપરાધના પ્રાયશ્ચિતરૂપે તેને મુનિરાજ સાથે પરણાવી દો તો તેને સાજી કરી દઈશ.**

૩. હરિકેશી વિહાર કરતા કઈ નગરીમાં ગયા? ત્યાં કયા વનમાં કયા વૃક્ષ નીચે હતા? તેમની સેવા કોણ કરતા હતા? શા માટે?

**જ. વારાણસી નગરી. ત્યાં તિંદુક વનમાં તિંદુક વૃક્ષની નીચે તેઓ માસક્ષમણની તપશ્ચર્યા કરતા રહેવા લાગ્યા. તેમના ગુણના પ્રભાવથી ત્યાં તિંદુક વનમાં રહેતો તિંદુક યક્ષ તેમની સેવા કરવા લાગ્યો.**

૪. હરિકેશી મુનિ ગોચરીએ ફરતા ક્યાં પહોંચ્યા? તેઓ કેવા દેખાતા હતા?

**જ. હરિકેશી મુનિ ગોચરીએ ફરતા જ્યાં બ્રાહ્મણોનો યજ્ઞ ચાલી રહ્યો હતો ત્યાં યજ્ઞમંડપમાં પહોંચ્યા. તપથી તેમનું શરીર સૂકાઈ ગયું હતું તેથી તેઓ અત્યંત બિભત્સ રૂપવાળા, કાળા કોલસા જેવા વિકરાળ, ચપટા નાકવાળા હોવાથી ભૂત જેવા દેખાતા હતા. તેમનું આખું શરીર ધૂળથી ભરાયેલું હતું.**

૫. ઉત્તમ ક્ષેત્રો કયા નથી?

**જ. જેના જીવનમાં ક્રોધ અને અભિમાન છે, હિંસા અને અસત્ય છે, અદતાદાન અને પરિગ્રહ છે, તે બ્રાહ્મણ હોવા છતા જાતિ અને વિદ્યાથી રહિત છે, તે ક્ષેત્રો સ્પષ્ટ રીતે પાપક્ષેત્ર છે એટલે ઉત્તમ ક્ષેત્ર નથી.**

૬. રુદ્રદેવે મુનિને મારવા માટે પોતાના શિષ્યોને શું કહ્યું?

**જ. અરે, અહીં કોઈ છે ! ક્ષત્રિય કુમાર, રસોઈયા, વિદ્યાર્થીઓ સહિત અધ્યાપકો જે હોય તે અહીં આવો અને આ સાધુને દંડાથી, લાકડાથી કે પાટિયાથી મારીને ડોક પકડી જલ્દીથી બહાર કાઢી મૂકો.**

૭. હરિકેશી મુનિ ક્યાં ગયા? મોક્ષસ્થાનને કોણ પ્રાપ્ત કરે છે?

**જ. મોક્ષમાં. મિથ્યાત્વના મેલ રહિત, પ્રશસ્ત લેશ્યાઓ પ્રાપ્ત કરાવનાર ધર્મ જળાશય છે. આ ધર્મરૂપી કુંડમાં સ્નાન કરીને કર્મમળથી રહિત અને ભાવોથી વિશુદ્ધ થઈને મહર્ષિઓ ઉત્તમ મોક્ષસ્થાનને પ્રાપ્ત કરે છે.**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. અમ્ભો ........ **પાના નં. ૨૩૨ ગાથા – ૪૪** ૨. ઈત્થં ......... **પાના નં. ૨૨૮ ગાથા – ૩૭**

૩. સ્તોત્રં ........ **પાના નં. ૨૩૪ ગાથા – ૪૮**

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૩)**

૧. વિજય કોણ પ્રાપ્ત કરે છે?

**જ. જેઓ ભગવાનના ચરણરૂપી કમળ સમૂહનો આશ્રય લે છે.**

૨. સિંહ કોના પર આક્રમણ કરતો નથી?

**જ. ભગવાનના ચરણકમળરૂપી પર્વતનો આશ્રય લેનાર મનુષ્ય પર આક્રમણ કરતો નથી.**

૩. કેવો પુરુષ નિર્ભય છે?

**જ. જે પુરુષના હૃદયમાં ભગવાનના નામરૂપી નાગદમની રહેલી છે.**

**જય – જિનેન્દ્ર**